### આયુષ્યમાન ભારત યોજના હેઠળ વધુમાં વધુ

# દર્દીઓને સચોટ સારવાર પુરી પાડતી વડોદરાની પારૂલ સેવાશ્રમ હોસ્પિટલ

## નિષ્ણાંત ડોકટર દ્વારા દર્દીને ટ્રાન્સફોરામીનલ લંબર ઈન્ટરબોડી ફ્યુઝન કરાયું

। વડોદરા ।

વડોદરા જીલ્લામાં વધુમાં વધુ આયુષ્યમાન ભારત યોજનાનો લાભ આપતી પારૂલ સેવાશ્રમ હોસ્પિટલમાં જટીલમાં જટીલ સર્જરી, આઈ.સી.યુ., ગંભીર મેડિકલ રોગોની સારવાર લાભાર્થીઓને સરળતાપૂર્વક સંપૂર્ણપણે નિ:શુલ્ક આપવામાં આવે છે. આયુષ્યમાન ભારત યોજના સાથે સંલગ્ન થયા બાદ આજ દિન સુધી પારૂલ સેવાશ્રમ હોસ્પિટલ ખાતે ૧૫૦થી વધુ દર્દીઓને ઉત્તમ સારવાર મળેલ છે.

ગયા મહિનામાં આવો એક લાભાર્થી દર્દી પારૂલ સેવાશ્રમ હોસ્પિટલ ખાતે પગમાં ગંભીર ઈજા થવાથી દાખલ થયા હતા. આ દર્દીને તપાસતા માલુમ પડ્યું કે તેમને ઘણો મોટો ઘા હતો તેમજ પંજાના ચાર હાડકામાં કોમીન્યુટેડ ફ્રેકચર અને ટેન્ડન્ટની ઈન્જરી હતી.

ઓર્થોપેડીક વિભાગના નિષ્ણાંત ડોકટર દ્વારા આ દર્દીનું ડ્રેસીંગ કરી ઘાનું ડીબ્રાઈડમેન્ટ અને એકસટેન્શન ટેન્ડન્ટ ને રીપેર કરવામાં આવ્યું તથા પંજાના ચાર હાડકામાં 'કે વાયરક થી જોડવામાં આવ્યા અને ઢીંચણ નીચે સ્લેબ આપવામાં આવ્યો. થોડા દિવસ પછી સ્કીન ગ્રાફટીંગ કરી આ દર્દીનો સ્કીન ગ્રાફ ઘા પર બરાબર બેસી ગયો અને પેશન્ટને રજા આપવામાં આવી.

૩૫ વર્ષના પુરૂષ દર્દી પીઠના નીચેના ભાગમાં તથા ડાબા પગમાં ૮ મહીનાથી દુ:ખાવા તેમજ નબળાઈની તકલીફ સાથે પારૂલ સેવાશ્રમ હોસ્પિટલમાં દાખલ થયેલ હતા.

એમ.આર.આઈ. કરાવતા મણકામાં લીસ્થેસીસ જણાયું તેમજ તેની ડાબી બાજુનું કાણું સાંકડુ થઈ ગયું હતું જેમાંથી પગને સપ્લાઈ કરતા જ્ઞાનતંતુઓ પર દબાણ આવતું હતું.

નિષ્ણાંત ન્યુરોસર્જન ડોકટર દ્વારા આ દર્દીને સ્પેશ્યલ સાધન દ્વારા ટ્રાન્સફોરામીનલ લંબર ઈન્ટરબોડી ફ્યુઝન કર્યું અને ઓપરેશન પછી તરત જ ચાલવામાં આવ્યા. તેનું દર્દ મટી ગયું તેમજ ૫ દિવસમાં દર્દીને રજા આપવામાં આવી.





વડોદરાની પારૂલ સેવાશ્રમ હોસ્પિટલમાં સારવાર મેળવતા ગરીબ દર્દીઓ

### દર્દી ગરીબ હોય સારવાર લેવા માટે સક્ષમ ન હતા

બંને દર્દી ગરીબ હોઇ સારવાર લેવા માટે સક્ષમ ન હતા. પરંતુ આયુષ્યમાન ભારત યોજનાનું કાર્ડ હોવાથી તેમની સારવાર શક્ય બની અને દર્દી સંપૂર્ણપણે સાજા થઇ ઘરે જઇ શક્યા. પારૂલ સેવાશ્રમ હોસ્પિટલના નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા અત્યાધુનિક સુવિધાઓની મદદથી દરરોજ આવા કેટલાક દર્દીઓને નિ:શુલ્ક લાભ આપવામાં આવે છે.